વડીલોને વંદન અભિનંદન

શોભનાબા અર્જુનસિંહ વાઘેલા
(૧૯૫૧) મો.૯૪૨૮૨૧૭૫૪૮

પર્યાવરણના જતન માટે કેન્ડલ માર્ચમાં જોડાવા અપીલ

ગાંધીનગરમાં વિધાનસભાની પાછળ ઘનઘોર વૃક્ષોનું નિકંદન કાઢીને 'પંચામૃત ભવન'નું નિર્માણ કરવામાં આવનાર છે જેનો પર્યાવરણપ્રેમીઓ દ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા તા. ૨૧મી માર્ચ શનિવારે રાત્રે ૯ કલાકે ઘ-૪ સર્કલ પાસેથી વિરોધ પ્રદર્શન માટે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેન્ડલ માર્ચમાં જોડાઈને સરકાર દ્વારા કરવામાં આવનાર વૃક્ષોના નિકંદન અંગે વિરોધ પ્રગટ કરીને પર્યાવરણના જતન માટે સાથ આપવા આ કેન્ડલ માર્ચમાં જોડાવા નગરજનોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જાહેર અપીલ કરી છે.

રવિવારે મહિલા-બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા તમામ મહિલાઓ, બાળકો અને કિશોરીઓના આરોગ્યની કાળજી રાખવા સબબ વિશ્વ મહિલા દિને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વ્યક્ત કરેલ કટીબદ્ધતા અંતર્ગત તા. ૨૨મી માર્ચ રવિવારે મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧.૩૦ કલાક દરમ્યાન ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા સમારંભના અધ્યક્ષ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ગુડાના ચેરમેન આશિષભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ફરી વેરા બાકીદારો સામે લાંલ આંખ : દુકાનને સીલ કરાઈ

પ્રાંતિજ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગર પાલિકા દ્વારા નોટીસો ઉપર નોટીસો આપવા છતાં રેઢા બાકીદારો દ્વારા વેરાઓ ના ભરાતા તેમની સામે લાંલ આંખ કરતાં ફરી અન્ય એક દુકાનને પાલિકા દ્વારા સીલ મારવામાં આવ્યું છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મળતી માહિતી મુજબ પાલિકા દ્વારા દર વર્ષે પ્રાંતિજ પાલિકામાં આવતા મિલકતના વેરાઓ જેવા કે પાણીવેરો, સફાઈવેરો, શિક્ષણ વેરો વગેરે વેરાઓ લેવામાં આવતા હોય છે પણ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સંઘ કોમ્પ્લેક્ષમાં આવેલ ૧૦ જેટલી દુકાનદારો દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી વેરાઓ ના ભરાતા હોવાથી પાલિકા દ્વારા વારે ઘડીએ નોટીસની બજવણી કર્યા પછી પણ વેરાઓ ના ભરવા માંગતા વેપારીઓ સામે પાલિકા દ્વારા કડકમાં કડક રીતે ઉઘરાણી કરતાં અને સ્થળ ઉપર જઈ સીલીંગ મારવાનુ કામ હાથ ધરતાં સ્થળ ઉપર જ નવ જેટલા વેપારીઓ દ્વારા વેરાની નીકળતી રકમ કેશ કે ચેક દ્વારા આપી હતી જયારે સંઘ કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન ખરીદ વેચાણ સંઘ કે જે ૧૨૦૦૦ વેરો ના ભરતા નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, માધુભાઈ, ગોવિંદભાઈ કેતન રાવલ સહિત સ્ટાફ દ્વારા વેરો ના ભરનાર એક દુકાનને સીલ મારવામાં આવ્યું હતું. જયારે કડકમાં કડક પગલાં ભરાતા અન્ય વેરા બાકીદારોમાં ફફડાટ વ્યાપ્યો હતો અને દુકાનદારો તથા ઘર માલિકો વેરા ભરવા માટે પાલિકામાં દોડી આવ્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

વન સચવાશે તો જીવન પણ સચવાશે અને મરણ પણ સચવાશે

જન્મ દિવસ, લગ્નતિથિ જેવી ઉજવણીઓ વૃક્ષો વાવીને કરીયે : વૃક્ષોના અગણિત ઉપકારોનું ઋણ ચુકવવાનો સમય પાકી ગયો છે

ગાંધીનગર, તા. ૨૦

વિશ્વભરમાં તા. ૨૧મી માર્ચ 'વિશ્વ વન દિવસ' તરીકે ઉજવાય છે. આ વન દિવસ ઉજવવાનો ઉદ્દેશ પ્રકૃતિએ વૃક્ષો દ્વારા આપણા પર કરેલા ઉપકારોને યાદ કરી તેનુ મહત્વ સમજવાનો છે, તેનું ઋણ ચુકવવાનો છે. અત્યારે વિકાસની આંધળી દોટમાં વનોનો બેફામ નાશ થઈ રહ્યો છે, ત્યારે અત્યારના સમયમાં વૃક્ષોને બચાવવા ભગીરથ પ્રયત્નો કરવાની તાતી જરૂરિયાત ઉભી થવા પામી છે.

વિશ્વ વન દિવસ
- સમીર રામી

વન સચવાશે તો જીવન પણ સચવાશે અને મરણ પણ. કારણ કે માણસના જન્મથી લઈને મૃત્યુ પછી અગ્નિદાહ સુધી કે કોફિનમાં દફન સુધી વૃક્ષો તેનો સાથ નિભાવે છે. આ વૃક્ષો પ્રાણવાયુ આપે છે, વરસાદ લાવે છે, વાતાવરણને શુદ્ધ બનાવી રાખે છે, જમીનના ધોવાણને અટકાવી ફળદ્રુપ રાખે છે, પ્રદુષણથી પેદા થયેલા અંગારવાયુ-કાર્બન ડાયોકસાઈડને ગ્રહણ કરી રોગો ફેલાતા અટકાવે છે. વૃક્ષો માણસને ફળ-ફૂલો ઉપરાંત ઔષધિઓ પણ આપે છે. વળી, આ વૃક્ષો પર વસતા સજીવો પશુ-પંખીઓ થકી આ સૃષ્ટિને આનંદમયરીતે ગુંજતી, ખિલખિલ કરતી અને ધબકતી રાખે છે. કેટકેટલાં ઉપકાર આ વૃક્ષો માનવી પર કરે છે અને એજ માનવી તેમના પર કુહાડો ચલાવતા અટકાતો નથી, શરમાતો નથી, થોભતો નથી.

ઈ.સ. ૧૯૭૧માં મળેલી ૨૩મી 'યુરોપિયન કોન્ફેડરેશન ઓફ એગ્રીકલ્ચર' દ્વારા તા. ૨૧મી માર્ચને 'વિશ્વ વન દિવસ' તરીકે ઉજવવાનું ઠરાવાયું. જેને યુનાઈટેડ નેશન્સ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્વિકૃતી અપાઈ. આજે વિશ્વમાંથી દર મિનિટે ૨૫ હેક્ટર એટલે કે ૩૫ ફુટબોલના મેદાનો જેટલા કુદરતી વનોનો સોથ વળી રહ્યો છે, જો આમ જ ચાલુ રહેશે તો આ પૃથ્વી એક દિવસ વૃક્ષ વિહોણી બની જશે. વૈજ્ઞાનિકોના મતે ભારતમાં ૩૩ ટકા જમીન વન વિસ્તાર ધરાવતી હોવી જોઈએ તેની સામે માત્ર ૧૨ ટકા જમીન જ વન વિસ્તાર ધરાવે છે ત્યારે આપણે માત્ર વન બચાવવાના નથી પરંતુ તેને વધારવાના પણ છે. આવો આજે વિશ્વ વન દિવસે 'વૃક્ષો બચાવવાનો અને વૃક્ષો વાવવાનો' સંકલ્પ કરીએ. આપણી તમામ ઉજવણીઓ વૃક્ષ વાવીને કરીયે. નહીંતર એક દિવસ એવો આવશે કે આપણી આવનારી પેઢી વૃક્ષને માત્ર ચિત્રોમાં જ જોઈ શકશે.

મેઢાસણમાં મહિલા અને બાળ આરોગ્ય કેમ્પ યોજાયો

(જય અમીન) મોડાસા, તા.૨૦

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં આવેલ સરકાર પટેલ રેફરલ આરોગ્ય કેન્દ્ર અરવલ્લી-સાબરકાંઠા અને રાજસ્થાન રાજય સુધી તબીબી સેવાઓ માટે જાણીતું હતું પરંતુ રાજય સરકાર દ્વારા મેઢાસણ રેફરલ હોસ્પિટલની ઉપેક્ષા કરવામાં આવતા અને રેફરલ હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં તબીબોની ઉણપના કારણે દર્દીઓની સંખ્યા નહિવત બની ગઈ છે ત્યારે મેઢાસણ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. ચિરાગ ઘુવાડ દ્વારા મેઢાસણ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ કેમ્પોનું આયોજન કરી મેઢાસણ પંથકના અને આજુબાજુના ગામડાઓમાં લોકોમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યુંછે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં આવેલા સરદાર પટેલ રેફરલ હોસ્પિટલમાં મહિલા અને બાળ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો અને મહિલાઓને થતા રોગોનું વિના મુલ્યે સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. વિપુલ પટેલ તથા બાળરોગ નિષ્ણાંત ડૉ. દિવ્યાંગ પટેલ દ્વારા નિદાન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં ૨૧૪ જેટલા બાળકો અને મહિલાઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે મોડાસા બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. યજ્ઞેશ નાયક મોડાસા તાલુકા કિસાન સંઘના પ્રમુખ જગદીશ પટેલ સા.જી.સંઘ વાઈસ ચેરમેન હસમુખભાઈ પટેલ, સાબર ડેરી ડિરેક્ટર કાન્તિભાઈ પટેલ તેમજ મેઢાસણ ગ્રામ પંચાયતના સરપંચ અને ડે. સરપંચ હાજર રહ્યા હતા. આ સફળ કેમ્પનું આયોજન મેઢાસણ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. ચિરાગભાઈ ઘુવાડ અને મેઢાસણ રેફરલ હોસ્પિટલના સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન નિદાન કરાવવા આવનાર દર્દીઓ માટે ચા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મેઢાસણ રેફરલ હોસ્પિટલના ડૉ. ઘુવાડ મેઢાસણ હોસ્પિટલમાં આવનાર દર્દીઓને સારવાર ઉચ્ચ કક્ષાની મળી રહે તેવા પ્રયત્નો કરતા હોવાથી મેઢાસણ પંથકમાં જાણીતા બની ગયા છે.

લુપ્ત થતી ભવાઈને માહિતી વિભાગે મોડાસામાં રંગમંચ પર ઉતારી

(જયઅમીન), મોડાસા, તા. ૨૦

સમગ્ર ભારત અને ગુજરાત રાજ્યમાં પહેલાના જમાનામાં જ્યારે રાજા મહારાજાઓ કે પછી સરકાર દ્વારા જનજાગૃતિના સંદેશા કે પછી પ્રજાને લગતી માહિતી પ્રજાજનો સુધી પહોંચાડવા માટે રંગમંચ ભવાઈનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થતો હતો. પરંતુ અત્યારના આધુનિક યુગમાં પ્રચાર પ્રસાર માટે ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટે સ્થાન લેતાં રંગમંચ ભવાઈ લુપ્ત થવાની તૈયારીમાં હતી ત્યારે ગુજરાત રાજ્ય સરકારની યોજનામાં માહિતી વિભાગ દ્વારા ભવાઈનો ઉપયોગ વિવિધ સંદેશાઓ પહોંચાડવા માટેનો નિર્ણય લેતાં રંગમંચ ભવાઈ સાથે સંકળાયેલા કલાકારોમાં આનંદ છવાયો છે.

અરવલ્લી જિલ્લાના રંગમંચ ભવાઈના કલાકારો તરીકે સીતારા નાયક અને તુરી બારોટ સમાજના લોકોએ સમગ્ર ગુજરાતમાં ભવાઈમંચ દ્વારા ગુજરાતના પ્રજાજનો અને બીજા રાજ્યોમાં આગવુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પહેલાના જમાનામાં ટીવી, મોબાઈલ ઈન્ટરનેટ જેવી સુવીધાઓ ન હતી ત્યારે રંગમંચ ભવાઈ કલાકારો અને ભવાઈ મંડળીઓ દ્વારા વિવિધ નાટકો અને રામાયણ, મહાભારત, ગીતાના ઉપદેશ ભવાનમંચના કલાકારો દ્વારા ગામડાઓમાં અને શહેરોમાં ફરી ફરીને પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરતા હતા. પરંતુ આજના ટ્વીટર, ફેસબુક, વોટ્સએપના યુગમાં ભવાઈ ભુલાઈ ગઈ હતી. ત્યારે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લોકોમાં અને ગામડાઓમાં જઈ વ્યસન મુક્તિ અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે ભવાઈમંચનો ઉપયોગ કરી લોકોને સંદેશાઓ પહોંચાડવાનું શરૂ કરતાં અરવલ્લી જિલ્લાના ભવાઈમંચના કલાકારો જે છેલ્લા કેટલાયે સમયથી બેરોજગાર હતા તેમને રોજગારી મળતાં ભવાઈમંચના કલાકારોમાં આનંદ છવાયો છે. ભવાઈમંચના કલાકાર દ્વારા જાણવા મળ્યું હતું કે પરંપરાગત સાંસ્કૃતિ ખજાનો દુનિયામાંથી લુપ્ત થઈ રહ્યો છે. ત્યારે ગુજરાત રાજ્યના લુપ્ત થવા જઈ રહેલા ભવાઈમંચના કલાકારોને રાજ્ય સરકાર માહિતી વિભાગ દ્વારા યોગ્ય મંચ મળતાં સીતારા નાયક અને તૂરીબારોટ સમાજના લોકોમાં આનંદ છવાયો છે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ચેટી ચાંદની શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ ચેટી ચાંદના પવિત્ર પર્વે સીંધી ભાઈ બહેનો સહિત સૌને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે સિન્ધી સમાજના નવા વર્ષના શુભારંભે આ પાવન પર્વ સમાજમાં શાંતિ, પરસ્પર ભાઈચારા અને સુખ સમૃધ્ધિમાં વૃધ્ધિ કરશે.

નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદારની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા તથા રાજપૂત સમાજના સહયોગથી જીપીએસસી દ્વારા ગુજરાત સરકારની જાહેરાત અન્વયે નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદારની સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની રાજપૂત સમાજના દીકરા-દીકરીઓ માટેની તાલીમ શિબિર એપ્રિલ માસમાં યોજવા આયોજન કરેલ છે. જે અંગેનું રજીસ્ટ્રેશન તા. ૨૮-૩-૨૦૧૫ શનિવારને રોજ સવારે ૧૦થી ૧ કલાક સુધી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સેકટર-૧૭ના કાર્યાલય ખાતે રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે ફોન નં. ૦૭૯ ૨૩૨૨૬૪૪૪ ઉપર સંપર્ક કરીને તેમાં ભાગ લેવા માગતા પરીક્ષાર્થીઓએ તેજ દિવસે સ્થળ ઉપર રૂબરૂ હાજર રહીને ફી ભરીને લાભ લઈ શકશે.

શબ્દાવલી - ૫૬૭૬

૧	૨		૩	■	૪		૫
૬		■		■		■	
૭		૮		■	૯	૧૦	
	■		■	૧૧	■		■
■	૧૨		■	૧૩	૧૪		૧૫
૧૬		■	૧૭	■	૧૮		
	■	૧૯		■		■	
૨૦					■	૨૧	

આડી ચાવી

૧. આકાશ (૪)
૪. ચંપલ, ખડાઉ (૩)
૬. કેન્સલ, બાતલ (૨)
૭. ખાદ્યતેલની એક જાત (૪)
૯. મીઠુ, સબરસ (૩)
૧૨. કુવા સાથેનું ખેતર (૨)
૧૩. ભગવાનની આરતી પછી... મળે (૪)
૧૬. વાડ, પાળી (૨)
૧૮. આદર સાથે (૩)
૧૯. વાળ, જટીયા (૨)
૨૦. નેતૃત્વ (૫)
૨૧. આબરૂ, પ્રતિષ્ઠા (૨)

ઊભી ચાવી

૧. સોંસરવું (૪)
૨. આઘાત, દુઃખ (૩)
૩. ચક્ષુ, આંખ (૩)
૪. ઝાંઝર, છડા (૩)
૫. હેતુ, ઉદ્દેશ (૩)
૮. કડવા સ્વાદવાળુ ઝાડ (૩)
૧૦. સાવન, મેહ (૪)
૧૧. ક્રોધ, ગુસ્સો (૨)
૧૨. કેશ, મોવાળા (૨)
૧૪. રસવાળી (ધરતી) (૩)
૧૫. ચોકીદાર, ગેટકીપર (૪)
૧૬. બેંચ, પક્ષ (૩)
૧૭. હિન્દુઓમાં પવિત્ર ગણાતો છોડ (૩)
૧૯. બારણું, દ્વાર (૨)

શબ્દાવલી ૫૬૭૫ના જવાબ

આડી ચાવી :- (૧) સસરા (૪) સાફસુફી (૮) રગશિયુ (૧૦) ઇતર (૧૧) ગડી (૧૨) રિચ (૧૪) કીકો (૧૫) શિયાળ (૧૬) શાખા (૧૭) વરણાગી (૧૯) હેમ (૨૦) વેલણ (૨૧) તાડકા (૨૩) દડી (૨૪) હા (૨૫) જીગર

ઊભી ચાવી :- (૧) સરગવો (૨) સગડી (૩) રાશિ (૫) ફઇ (૬) સુતકી (૭) ફીરકો (૯) યુરિયા (૧૩) ચળવળ (૧૫) શિખામણ (૧૬) શાહેલડી (૧૮) ગીતકાર (૨૦) વેદ (૨૧) તાજી (૨૨) ડગ

નિબંધ પુછાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લખવાની પણ પરીક્ષાર્થીઓને મજા પડી હતી. પત્રલેખનમાં પણ ટી.વી. જોવાથી અભ્યાસ પર થતી માઠી અસરો અને પરીક્ષા પછીની યોજના શું છે, તેની જાણ કાકાને કરવા સંદર્ભે પત્રલેખનનો પ્રશ્ન પુછાયો હતો. વિષય નિષ્ણાંત અરવિંદભાઈ વાઘરોડિયાએ પણ અંગ્રેજીનુ પેપર સરળ રહ્યું હોવાથી વિદ્યાર્થીઓ સારા ગુણની અપેક્ષા રાખી શકે છે તેમ જણાવ્યું હતું. ધો. ૧૦માં જિલ્લામાંથી ૨૪૫૧૨ પૈકી ૨૪૧૧૪ વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી. જ્યારે ૩૯૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા.

વિધાનસભામાં ગાંધીનગર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાબરમતી નદીમાં વિભાગ દ્વારા ૩૪ બ્લોક બનાવાયા

જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લાની અને સાબરકાંઠાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાં ખાણ-ખનીજ વિભાગ દ્વારા ૩૪ બ્લોક બનાવવામાં આવ્યા છે. પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીએ જણાવ્યું હતું કે આ અન્વયે ૩ બ્લોક હોલ્ડરોએ નિયમો અને શરતો મુજબ સરકારમાં પેમેન્ટ જમા કરાવ્યુ છે. જયારે ૬ કિસ્સામાં હોલ્ડરોએ નિયમ મુજબ પેમેન્ટ જમા કરાવ્યું નથી.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૬૪૧.૨૫ લાખની ગ્રાન્ટ

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૧૩ ડિસેમ્બર વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાને ૬૪૧.૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં આયોજનમંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફળવાયેલી ગ્રાન્ટ પૈકી ૫૫૭.૬૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ગ્રાન્ટ સામે જિલ્લામાં કુલ ૩૬૮ કામો મંજુર અને ૧૮૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

પાટનગરના વિકાસ માટે ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. શહેરમાં ઝૂંપડાવાસીઓની આવાસ યોજનાનું કામ પણ રૂ. ૫૨.૪૬ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.જયારે ફૂટપાથની બાકી કામગીરી પાછળ પણ રૂ. ૭.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ નગરના ઉદ્યાનોને પાણી પુરું પાડવા રૂ. ૭.૧૪ કરોડના ખર્ચે પાઈપલાઈનનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૨૦૧૫-૧૬ના અનુદાન અન્વયે પાટનગરના વિકાસ માટે રૂ. ૧૯૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત આગામી વર્ષમાં નગરના વિવિધ સેકટરોમાં બી. ટાઈપના ૫૦૦ કવાટર્સ બનાવવા રૂ. ૮૭.૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સી કક્ષાના ૩૦૦ કવાટર્સ બનાવવા રૂ. ૬૩ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત ગ કક્ષાના ૨૪ યુનિટ બાંધવા ૧૮ કરોડ ખર્ચ થશે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ખ રોડને છ માર્ગીય કરવા રૂ. ૧૦.૧૪ કરોડ ખર્ચાશે. આ ઉપરાંત સચિવાલય જીમખાનામાં ક્રીકેટ મેદાનને અદ્યતન કરવા પણ રૂ. ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

માર્ગો ફોર લેન કરાશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

મીટરના પહોળો રસ્તા ૧૭૦૩૪ કિ.મી. ના દ્વિ માર્ગીય-ઈન્ટર મીડીયેટ રસ્તા, ૫૪૯૧૨ કિ.મી ના પ્લાન રસ્તા, ૩૫૦૬૬ કિ.મી ના નોન પ્લાન ગ્રામ્ય માર્ગો ઉપલબ્ધ છે અને તેના ઉપર ૧,૦૬,૧૮૮ જેટલા નાના-મોટા પુલો-નાળા આવેલા છે. સમગ્ર દેશમાં ગ્રામ-પરાના જોડાણાની ટકાવારી ૬૪.૪૭ ટકાની છે. તેની સામે ગુજરાતમાં ૯૫.૭૪ ટકા ગામ રસ્તા જોડવામાં આવેલ છે. રાજયમાં ૨૦૦૧ માં રસ્તાના નેટવર્કની કુલ લંબાઈ ૭૩૬૧૯ કિ.મી ની હતી તેમા ૪૦૭૧ કિ.મી ના વધારા સાથે ૨૦૧૪માં ૭૭૬૯૦ કિ.મી ના રસ્તાઓ થયા છે. મંત્રીએ ઉમેર્યુ હતું કે ચાર-૬ માર્ગીય રસ્તા અન્વયે ૯૪૧ કરોડની અંદાજીત કિ.મી ને ૨૯૩.૪૦ કિ.મી લંબાઈ કામ પ્રગતિ હેઠળ છે. અમદાવાદ બગોદરા બામણબોર રાજકોટની સમગ્ર લંબાઈને છ માર્ગીય કરવાની સૈધ્ધાંતિક મંજૂરી મળતા આ કામગીરી થવાની સૌરાષ્ટ્ર - કચ્છ તરફના વાહન વ્યવહાર ને વધુ સગવડતા મળી રહેશે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ને ૮ ક ઉપર થલતેજ થી ગુરુધ્વારા વચ્ચે ૬૫ કરોડના ખર્ચે સેપરેટની કામગીરી પૂર્ણ થઈ છે.

મહેસૂલ વિભાગ
બ્લોક નં. ૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર.
જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૪-૧૫

કાયદા અધિકારી (વર્ગ-૧)ની કરાર આધારિત જગ્યાની ભરતી

બ્લોક નં.૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૪-૧૫ કાયદા અધિકારીની જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ	કુલ જગ્યા	વય મર્યાદા	પગાર અને ભથ્થા	લાયકાત અને અનુભવ
કાયદા અધિકારી	૦૨	૩૫ થી ૪૫ વર્ષ	૪૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ	(૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી (૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ (૩) જમીન મહેસૂલના કાયદાના જાણકાર

અન્ય વિગતો :
(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતા વય મર્યાદામાં છુટછાટ આપી શકાશે.
(૨) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઈચ્છનીય.
(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત.
(૪) અરજી પત્રકનો નમુનો તથા કરારની શરતો અને બોલીઓ મહેસુલ વિભાગની વેબસાઈટ http://revenuedepartment.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.
(૫) અરજી પત્રક સાથે 'ઉપસચિવ' મહેસુલ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦/-નો Demand Draft મોકલવાનો રહેશે.
(૬) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં 'નાયબ સચિવશ્રી (મહેકમ), મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નામે રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવાની રહેશે.
માહિતી/૨૬૬૧/૨૦૧૪-૧૫

Change of Name
I have changed my name from Bilva Jagrut Pathak to Bilva Nirav Patel
Add : Plot No. 261/1, Sector No. 1/C, Gandhinagar

Change of Name
I have changed my name from Radhika Ashwinkumar Sikligar to Radhika Nirav Patel,
Add : Plot No. 261/1, Sector No. 1/C, Gandhinagar